# અગ્રતા ક્રમ : ૧૯

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૮૯

## તા.૦૮/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી જીતેન્દ્રકુમાર પટેલ, નારણપુરા**

**પ્રશ્ન : અમદાવાદ મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ.**

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**પ્રશ્નનુ સંક્ષિપ્ત શિર્ષક :– " અમદાવાદ મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ "**
**પ્રશ્ન ક્રમાંક :– ૧૫/૪/૫૮૯**
**પ્રશ્ન પુછનાર સભ્યશ્રી :– ધારાસભ્યશ્રી જીતેન્દ્રકુમાર પટેલ**
**સભ્યશ્રીનો મતદાર વિભાગ :– નારણપુરા**

---

**માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વીકાસ) જણાવવા કૃપા કરશે કે :–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે, | **(૧)** અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ.૯૯૮.૧૨ કરોડ અને વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૧૦૬૫.૬૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| **(૨)** તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને | **(૨)** તે અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૩માં ૩૧૮ કામો તથા ૨૦૨૩–૨૪માં ૨૫૩ કામો મંજૂર થયેલ છે. |
| **(૩)** તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે? | **(૩)** તે પૈકી વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૭૬ કામો તથા વર્ષ ૨૦૨૩–૨૪માં ૩૪ કામો પૂર્ણ થયેલ છે. |

# **પુરક નોંધ**

**અમદાવાદ મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની માહિતી**

રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૦૯ થી અમલમાં મુકવામાં આવેલ છે.

**આ યોજના અંતર્ગત મુખ્યત્વે,**

- પાણીપુરવઠાના, ભુગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય વિકાસના કામો જેવા કે (રસ્તા, ટ્રાફીક વ્યવસ્થા, ફ્લાય ઓવરબ્રીજ, આંગણવાડી વગેરે), આગવી ઓળખના કામો જેવા કે (પાર્કસ/ ગાર્ડન, સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, હેરીટેઝના કામો, તળાવનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ વગેરે), ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા આંતરીક રસ્તા, વોટર સપ્લાય પાઈપલાઈન, સ્ટ્રીટલાઈટ વગેરે જેવાં કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના કામો આવરી લેવામાં આવેલ છે.

- મહાનગરપાલિકાઓમાં સીવેર કલેકટીંગ સીસ્ટમ તથા આનુસાંગિક કામો મહદઅંશે પૂર્ણ થયેલ છે. તથા ગંદા પાણીના શુધ્ધિકરણ માટે STP ના કામો હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત રાજ્યના શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે શુદ્ધ ગુણવત્તાયુક્ત પીવાનું પાણી મળી રહે તે માટે નલ સે જલ હેઠળ પણ કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

- જનભાગીદારીની ઘટક આ યોજના હેઠળ ખુબજ લોકપ્રીય બનેલ છે. આ યોજના હેઠળ આંતરીક રસ્તા, પાણીની પાઇપ લાઇન, સ્ટ્રીટ લાઇટ અને ગટરના કામો લઈ શકાય છે. કુલ અંદાજીત ખર્ચ પૈકી ૭૦ ટકા રકમ રાજય સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે. ૨૦ ટકા સોસાયટી ફાળો તથા ૧૦ ટકા સ્થાનિક સંસ્થાનો ફાળો છે.

- આગવી ઓળખ ઘટક હેઠળ શહેરમાં આગવી ઓળખ ઉભી કરી શકે તેવા, મહત્વના લોકોપયોગી, તેમજ તાકીદે હાથ ધરવાપાત્ર હોય તેવા કામોની દરખાસ્ત કરી શકાશે. પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) ના ધોરણે થતા કામોનો પણ સમાવેશ થઇ શકશે. જેમાં નીચે મુજબના કામો હાથ ધરી શકાશેઃ–

- હેરીટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ,
- પંચશક્તિ થીમ આધારિત ટ્રાફીક સર્કલ આઈલેન્ડઝ
- વોટર બૉડી લૅન્ડ સ્ટેપીંગ, રીવરફ્રન્ટ
- પાર્ક, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ટી સ્વીમીંગ પૂલ, યોગ કેન્દ્રો, નોલેજ સેન્ટર્સ.
- સાયન્સ સેન્ટર, મ્યુઝીયમ, એમ્પી થીયેટર,
- પ્લેનેટોરીયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉન હોલ,
- પ્રાણી સંગ્રહાલય અને બોટનિકલ ગાર્ડન અને બાલવાટિકા.

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૧૯

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૮૯

## તા.૦૮/૦૨/૨૦૨૪

### શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી જીતેન્દ્રકુમાર પટેલ, નારણપુરા**

**પ્રશ્ન : અમદાવાદ મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ.**

**<u>પૂરક પ્રશ્નોની યાદી</u>**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલા ઘટકો નિયત થયેલ છે અને તેમજ તેમાં કયા કયા કામો લઇ શકે છે? | શ્રી જીતેન્દ્રકુમાર પટેલ, નારણપુરા |
| ૨ | શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩-૨૪ ના બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે કેટલી જોગવાઇ કરેલ છે? | સુશ્રી પાયલબેન કુકરાણી, નરોડા |

| | | |
|---|---|---|
| ૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ અમદાવાદ મહાનગરપાલિકાના પાણી પુરવઠા યોજનાના કામો માટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર |
| ૪ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ અમદાવાદ મહાનગરપાલિકાના નવા પશ્ચિમ ઝોન ખાતે સીંધુભવન ખાતે મલ્ટીલેવલ પાર્કિંગ કમ કોમર્શીયલ કોમ્પલેક્ષ બનાવવાના કામની વિગત. | શ્રી કૌશિકભાઈ જૈન, દરીયાપુર |

**અગ્રતાક્રમ :– ૧૯**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૫૮૯**

**શહેરી વિકાસ વિભાગ**

**તા.૦૮/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન ૧ (શ્રી જીતેન્દ્રકુમાર પટેલ, નારણપુરા)**

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલા ઘટકો નિયત થયેલ છે અને તેમજ તેમાં કયા કયા કામો લઈ શકે છે?

**જવાબ:**

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની સ્થાનિક સંસ્થાઓ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૮/૭/૨૦૧૩ના ઠરાવની જોગવાઈ હેઠળ નીચે જણાવેલ ચાર ઘટક હેઠળ કામો લઈ શકે છે.
  - ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો.
  - સામાજિક આંતરમાળખાકીય સુવિધાના કામો.
  - અર્બન મોબિલીટી શહેરી પરિવહનના કામો.
  - શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો.

➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નિયત થયેલ ચાર ઘટકો હેઠળ...

❖ **<u>ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ:–</u>**

➢ રસ્તા અને ટ્રાફીક સર્કલના, પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન, સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો, જળસંચયના કામો તથા તળાવ બ્યુટીફીકેશનના કામો, સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધાના કામો, ઈ – ગવર્નન્સ, શોપીંગ કોમ્પલેક્ષ, જાહેર ઉધાનોનું નિર્માણ અને જાળવણી, સામાજીક વનીકરણ વિગેરે, સ્મશાન ગૃહોના બાંધકામ, અગ્નિશમન ઉપકરણો તથા ફાયર સ્ટેશન સામાજીક આંતરમાળખાકીય સુવિધાઓ શાળાઓના મકાન (પ્રાથમિક શિક્ષણ), અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ અને આંગણવાડી (નંદઘર), લાયબ્રેરી, સ્પોર્ટ કોમ્પલેક્ષ (સુવિધાઓ સહિત), સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ / લીકવીડવેસ્ટ મેનેમેન્ટ, વેન્ડર માર્કેટ / હોર્કસ ઝોન પાર્કીંગ સુવિધા સહિત, અધતન પ્રકારના આધુનિક સુવિધા ધરાવતાં જાહેર પે એન્ડ યુઝ શૌચાલયો

❖ **<u>અર્બન મોબીલીટી – શહેરી પરિવહન:–</u>**

➢ શહેરી બસ સેવા અને ટ્રાફિક વ્યવસ્થા, રેલ્વે ઓવરબ્રીજ અને રેલ્વે અન્ડરબ્રીજ, રીંગ રોડ / રેડિયલ રોડ / ફલાય ઓવર બ્રીજ, અન્ડરપાસ વિગેરે.

## ❖ **શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામોઃ**

➢ હેરીટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, પંચશકિત થીમ આધારિત ટ્રાફીક સર્કલ આઈલેન્ડઝ, વોટર બોડી લેન્ડ સ્કેપીંગ રીવરફ્રન્ટ, પાર્ક, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ક, સ્વીમીંગ પુલ, યોગા કેન્દ્રો, નોલેજ સેન્ટર્સ, સાયન્સ સેન્ટર, મ્યુઝીયમ, એમ્પી થીયેટર, પ્લેનેટોરીયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉન હોલ, પ્રાણી સંગ્રહાલય અને બોટનિકલ ગાર્ડન અને બાલાવાટિકા.

**પેટા પ્રશ્ન ૨ (સુશ્રી પાયલબેન કુકરાણી, નરોડા)**

- શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩–૨૪ ના બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે કેટલી જોગવાઈ કરેલ છે?

**જવાબ:**

- શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩–૨૪ ના બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે ૩.૫૮૧૭.૮૨ કરોડની જોગવાઈ કરવામા આવેલ છે.

**પેટા પ્રશ્ન ૩ (શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર)**

- ➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ અમદાવાદ મહાનગરપાલિકાના પાણી પુરવઠા યોજનાના કામો માટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

**જવાબ:**

- ➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ અમદાવાદ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૩–૨૪મા કુલ–૦૩ પાણી પુરવઠા યોજનાના કામો મંજુર કરવામાં આવેલ જેના માટે ૨૮૭.૬૯ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. જે પૈકી કોતરપુર વોટર વર્કસનું કામ પુર્ણ થયેલ છે જ્યારે જાસપુર ગામ ખાતે ૨૦૦ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા જાસપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી એસ.પી. રીંગરોડ વૈષ્ણોદેવી સર્કલ સુધી વોટર પાઈપલાઈન નાખવાનું કામ હાલ પ્રગતિમાં છે.

**પેટા પ્રશ્ન ૪ (શ્રી કૌશિકભાઈ જૈન, દરીયાપુર)**

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ અમદાવાદ મહાનગરપાલિકાના નવા પશ્ચિમ ઝોન ખાતે સીંધુભવન ખાતે મલ્ટીલેવલ પાર્કિંગ કમ કોમર્શીયલ કોમ્પલેક્ષ બનાવવાના કામની વિગત.

**જવાબ:**

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ અમદાવાદ શહેરના મુખ્ય ચાર રસ્તા ઉપર થતા ગેરકાયદેસર પાર્કિંગ તેમજ શહેરના ટીપી રોડ પરના પાર્કિંગની સમસ્યાઓના નિવારણ માટે રૂ.૯૭.૨૧કરોડના ખર્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોન ખાતે સિંધુભવન રોડ પર ટીપી ૫૦ એફ પી ૩૬૮માં મલ્ટીલેવલ પાર્કિંગ+કોમર્શીયલ કોમ્પલેક્ષ બનાવવામાં આવેલ છે.
- આ મલ્ટીલેવલ પાર્કિંગમાં કાર – ૫૯૯ નંબર, ટુ વ્હીલર વાહન – ૪૫૦ નંબર પાર્કીંગ થાય તથા ઈલેક્ટ્રીકલ વ્હીકલ ચાર્જીંગની સુવિધાઓનો પણ સમાવેશ થાય છે. તેમજ ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૩, પહેલા માળે ૧૬ અને પાંચમાં માળે ૨૯ એમ કુલ મળી ૬૮ નંબર દુકાનો/ ઓફીસ બનાવવામાં આવેલ છે.